નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ,ગાંધીનગરની કચેરીમાં કરાર આધારિત લીગલ એડવાઈઝરની એક જગ્યા રૂ.૪૦,૦૦૦/– ના માસિક ફિક્સ પગારથી ૧૧ માસ માટે ભરવા અંગેની મેરિટ પધ્ધતિ નકકી કરવા બાબત.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ
**ઠરાવ ક્રમાંકઃ મકમ/૧૦૨૦૧૫/૮૩૩૬૭૩/ન.બા.૫/છ**
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ 11 AUG 2016

**વંચાણે લીધા :–**

(૧) સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગનો તા.૧૭/૫/૨૦૧૬ નો ઠરાવ ક્રમાંકઃ– મકમ/ ૧૦૨૦૧૫/૮૬૩૬૭૩/ન.બા.૫/છ

(૨) સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગનો તા.૨૭/૬/૨૦૧૬ નો પત્ર ક્રમાંકઃ– મકમ/ ૧૦૨૦૧૫/૮૬૩૬૭૩/ન.બા.૫/છ

(૩) નિયામકશ્રી,સમાજ સુરક્ષા ખાતું,ગાંધીનગરનો તા.૧૪/૭/૨૦૧૬ નો પત્ર ક્રમાંકઃ–મકમ/ લી.એડવાઈઝર/ભરતી/૧૬–૧૭/૩૬૮૩

**પ્રસ્તાવના :–**

સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના વંચાણે લીધેલા ક્રમાંકઃ–(૧) ના તા.૧૭/૫/૨૦૧૬ના ઠરાવથી નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, ગાંધીનગરની વડી કચેરીમાં લીગલ એડવાઈઝરની એક (૧) જગ્યા કરાર આધારિત ઉભી કરવા માટે વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે.

સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના વંચાણે લીધેલા ક્રમાંકઃ–(૨) ના તા.૨૭/૬/૨૦૧૬ પત્રથી સદરહુ લીગલ એડવાઈઝરની એક (૧) જગ્યા કરાર આધારિત ઉમેદવારથી ભરવા માટે વિભાગ કક્ષાની સમિતિ તેમજ જરૂરી લાયકાતોનું ધોરણ નકકી કરવામાં આવેલ છે.

નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, ગાંધીનગરના વંચાણે લીધેલા ક્રમાંકઃ– (૩) ના તા.૧૭/૭/૨૦૧૬ના પત્રથી ઉક્ત ખાતામાં લીગલ એડવાઈઝરની એક જગ્યા રૂ.૪૦,૦૦૦/ ના ફિક્સ પગારથી ૧૧ માસ માટે કરાર આધારિત ભરવા માટેની મેરિટ પધ્ધતિ નક્કી કરવાની મંજૂરી આપવાની દરખાસ્ત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

<u>ઠરાવ :–</u>

પુખ્ત વિચારણાને અંતે નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ,ગાંધીનગરની વડી કચેરીમાં કરાર આધારિત માસિક રૂ.૪૦,૦૦૦/– (અંકે રૂપિયા ચાલીસ હજાર પુર) ના ફિક્સ પગારે ૧૧ માસ માટે લીગલ એડવાઈઝરની એક જગ્યા ભરવા માટેની મેરિટ પધ્ધતિ નીચે મુજબ નક્કી કરવામાં આવે છે.

**૧. લીગલ એડવાઈઝરની નિમણૂંક માટેની વિભાગ કક્ષાની સમિતિમાં નીચે મુજબના સભ્યો રહેશે.**

૧. અ.મુ.સ.શ્રી/અગ્ર સચિવશ્રી/સચિવશ્રી (સા.ન્યા) – અધ્યક્ષશ્રી

૨. નાયબ સચિવશ્રી/ સંયુક્ત સચિવશ્રી (સ.સુ) – સભ્યશ્રી

૩. નિયામકશ્રી (સમાજ સુરક્ષા) – સભ્યશ્રી

**૨. સમિતિની સત્તાઓ.**

| | |
|---|---|
| ૧. | સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના નિયંત્રણ હેઠળના નિયામકશ્રી (સમાજ સુરક્ષા), અશકતતા આયુકતશ્રીની કચેરીને લગતા તેમજ અન્ય સામાજીક અધિકાર સંરક્ષણને લગતા તેમજ બાળકો સંબંધિત કાયદાના કેસોનો અનુભવ ધરાવતા કાયદા નિષ્ણાતના અનુભવને તેમજ સીવીલ કેસના કાયદા નિષ્ણાતને,સંજોગો અનુસાર અગ્રતા આપવા આવશે. |
| ૨. | અનુભવની બાબતમાં સંજોગો અનુસાર છુટછાટ આપવામાં આવશે. |
| ૩. | લાયક ઉમેદવાર ન મળવાના કિસ્સામાં આ પસંદગી પ્રક્રિયા બંધ કરવાની તેમજ ફરી જાહેરાત પ્રસિધ્ધ કરી કાર્યવાહી કરવાની આ સમિતિને સત્તા રહેશે તેમજ સમિતિનો અબાધિત અધિકાર રહેશે. |
| ૪. | યોગ્ય લાયકાત ધરાવતાં ઉમેદવારોનું મૌખિક ઈન્ટરર્વ્યુ અને ઉમેદવારની પસંદગી કરવાની તમામ સત્તાઓ સમિતિ પાસે રહેશે. |

૩. કરાર આધારીત લીગલ એડવાઈઝરને નિમવા નીચે મુજબની લાયકાતો નકકી કરવામાં આવેલ છે.

| | |
|---|---|
| ૧. | કાયદાના સ્નાતક કે તેનાથી ઉપરની પદવી અને સનદ રજૂ કરવાની રહેશે, |
| ૨. | કોર્ટમાં વકીલાતની કામગીરીનો લઘુતમ ૫ વર્ષનો અનુભવનો આધાર રજૂ કરવાનો રહેશે. |
| ૩. | સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ ધ્વારા અમલ કરાતા કાયદાના કેસોનો અનુભવ ધરાવતા કાયદા નિષ્ણાતના અનુભવને અગ્રતા આપવામાં આવશે. |
| ૪. | બાર કાઉન્સિલ ઓફ ગુજરાતમાં એનરોલમેન્ટ હોવાનું પ્રમાણપત્ર કે આધાર વકીલ માટે જરૂરી રહેશે. |
| ૫. | ગુજરાતી અને અંગ્રેજી ભાષા ઉપરનું પ્રભુત્વ અનિવાર્ય રહેશે. |
| ૬. | અનુભવની બાબતમાં સંજોગો મુજબ છૂટછાટ પણ મૂકી શકશે. |

૪. લીગલ એડવાઈઝરની નિમણૂંક માટેનું મેરીટ તૈયાર કરવાની પદ્ધતિ.

| ક્રમ | લાયકાત | ગુણનો ભાર |
|---|---|---|
| ૧ | કાયદા સ્નાતકનીપદવીમાં મેળવેલ ટકાવારીના આધારે ૪૦ ના વેઈટેજ મુજબ ગુણ ફાળવવા. | મેળવેલ ટકા X ૪૦/૧૦૦ |
| ૨ | કાયદા અનુસ્નાતક/પી.એચ.ડી. (કાયદા સ્નાતક કરતા વધારાની લાયકાત માટે) જે લાયકાતમાં વધુ ટકાવારી હોય તે મેળવેલ ટકાવારીના આધારે ૧૫ ના વેઈટેજ મુજબ ગુણ ફાળવવા. | મેળવેલ ટકા X ૧૫/૧૦૦ |
| ૩ | એક વર્ષના અનુભવ માટે ૦૧ ગુણ લેખે (મહેત્તમ ૩૦ ગુણની મર્યાદામાં તેમજ અપુર્ણાંકના કિસ્સામાં ૬ માસથી વધુ હોય તો ગુણ ફાળવવો) અનુભવ બાબતે હાઈકોર્ટ કે તેથી ઉપરની કોર્ટમાં ધારાશાસ્ત્રી તરીકેનો એટલે કે વકીલાતનો પ્રત્યક્ષ અનુભવ જ ધ્યાને લેવામાં આવશે તેમજ બાર કાઉન્સીલ ઓફ ગુજરાતમાં નોંધણી તારીખથી અનુભવની ગણતરી કરવામાં આવશે. | મહતમ ૩૦ ની મર્યાદામાં |

| | | |
|---|---|---|
| ૪ | મૌખિક ઈન્ટરવ્યુ ( તેમાં પર્સનાસીટી,સર્વિસ મેટર, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના નિયંત્રણ હેઠળના નિયામકશ્રી (સમાજ સુરક્ષા), અશકતતા આયુકતશ્રી તેમજ અન્ય સામાજીક અધિકાર સંરક્ષણને લગતા તેમજ બાળકો સંબંધિત કાયદાના કેસોનો અનુભવ ધરાવતા કાયદા નિષ્ણાતના અનુભવને તેમજ સીવીલ કેસના કાયદા નિષ્ણાત્તને, સંજોગો અનુસાર અગ્રતા આપવા આવશે. વગેરે બાબતોનો સમાવેશ મુખ્યત્વે કરવામાં આવશે) | ૧૫ |
| | | કુલ. ૧૦૦ |

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર આ વિભાગના અગ્ર સચિવશ્રીની તા. ૧૦/૮/૨૦૧૬ ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

**ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,**

**(મહેન્દ્ર ચૌહાણ)**
ઉપ સચિવ,
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ.

પ્રતિ,

- માન.મંત્રીશ્રી (સા.ન્યા) ના અંગત સચિવશ્રી,સ્વર્ણિમ સંકુલ.૧,સચિવાલય,ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી (સા.ન્યા),સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના અંગત સચિવશ્રી સચિવાલય,ગાંધીનગર.
- નાણાંકીય સલાહકારશ્રી (સા.ન્યા),નાણા વિભાગ,સચિવાલય,ગાંધીનગર.
- નિયામકશ્રી,સમાજ સુરક્ષા ખાતુ,બ્લોકનં.૧૬,ડાં.જીવરાજ મહેતા ભવન,જુના સચિવાલય, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી,ગુજરાત, અમદાવાદ/રાજકોટ
- એકાઉન્ટન્ટ જનરલશ્રી (એ એન્ડ ઈ), અમદાવાદ/રાજકોટ
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી,ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી,ગાંધીનગર/અમદાવાદ.
- સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ (મારફતેઃ- નિયામકશ્રી,સમાજસુરક્ષા ખાતું, બ્લોકનં.૧૬,ડાં.જીવરાજ મહેતા ભવન,જુના સચિવાલય, ગાંધીનગર.
- સર્વે જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીઓ (મારફતેઃ- નિયામકશ્રી,સમાજ સુરક્ષા ખાતું, બ્લોકનં.૧૬,ડાં.જીવરાજ મહેતા ભવન,જુના સચિવાલય, ગાંધીનગર.

– સેકશન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર ઉકત ઠરાવને વિભાગની વેબસાઈટ પર અપલોડ કરવાની વિનંતી સહ.

– સિલેક્ટ ફાઈલ.

RAJ13-233-236